# આ ભવ મળિયા ને પર ભવ મળજો

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, સેવા તમારી ભવો ભવ મળજો (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

દેવો નિરખ્યા જગમાં ઘણેરા, તુજ સરિખો કોઈ મીઠો નહી રે (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

દેવો અનેરા દીઠા જગમાં, તુજ સરિખો કોઈ દેવ નહી રે (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

તું છે માતા તું છે પિતા, તું છે જગનો દીવો પ્રભુજી (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

તું છે મારો સાહીબો રે, હું છું તારો દાસ પ્રભુજી (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

મારો તો તું એક જ ધણી છે, જગમાં જય જયકાર પ્રભુજી (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

શરણું તમારું ભવો ભવ મળજો

વામા માતાનાં લાડલા નંદન, જગમાં જુગ જુગ જીવો પ્રભુજી (૨)

આ ભવ મળિયા ને પરભવ મળજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, શરણું તમારું ભવો ભવ મળજો

કરુણાનાં સાગર કરુણા કરજો, સેવા તમારી ભવો ભવ મળજો

દર્શન તમારું ભવો ભવ મળજો

શાશન તમારું ભવો ભવ મળજો

2016-03-07 - https://www.youtube.com/watch?v=iT-e1SFz4KI